દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૩ જૂન, ૨૦૨૬

અમેરિકાની વકરતી આર્થિક મુશ્કેલીઓ મધ્યસત્રી ચૂંટણીમાં રિપબ્લિકનો માટે કપરા સંજોગો સર્જી શકે છે

અમેરિકાના બોન્ડ કે ટ્રેઝરી નોટ દુનિયાભરમાં રોકાણનું એક સારુ સાધન મનાય છે પરંતુ ઇરાન યુદ્ધ પછીના સંજોગોમાં આ બોન્ડમાં રોકાણ કરવાનું રોકાણકારોએ ઘટાડી દીધું હોવાના અહેવાલ છે. રોકાણકારોને આકર્ષવા દેખીતી રીતે પ્રયાસો થઇ રહ્યા છે. બોન્ડના વ્યાજદરોમાં વધારો થઇ રહ્યો છે. આ સ્થિતિ એફોર્ડેબિલિટી દબાણોને વધુ વણસાવી રહી છે, આર્થિક વૃદ્ધિને અવરોધી રહી છે અને નવેમ્બરમાં યોજાનારી વચગાળાની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષ માટે નવું જોખમ ઊભું કરી રહી છે. ઈરાન યુદ્ધને કારણે ઉછળેલા ઉર્જાના ભાવ હવે અમેરિકી સરકારને ભંડોળ પૂરું પાડતા બોન્ડની કિંમતોમાં પણ જોવા મળી રહ્યા છે. ૧૦ વર્ષની અમેરિકી ટ્રેઝરી નોટ પરનો વ્યાજદર ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ શરૂ થયું તે પહેલાં ૩.૯૫% હતો, જે વધીને હવે ૪.૪૪% ને વટાવી ગયો છે. અમેરિકાની અંદર આર્થિક સ્થિતિ પણ વણસી છે. એવરેજ મોર્ગેજ રેટ પણ વધીને છેલ્લા નવ મહિનામાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા છે, જ્યારે વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાયો છે. આમ તો આ પડકાર વૈશ્વિક સ્તરનો છે, કારણ કે વિશ્વ હવે ઊંચા ફુગાવાની સંભાવના, સરકારી દેવાની ટકાઉક્ષમતા પર વધતા સવાલો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) માં રોકાણમાં આવેલા નાટકીય ઉછાળા સાથે અનુકૂલન સાધી રહ્યું છે. અમેરિકામાં આ સંજોગો રિપબ્લિકનો માટે મુશ્કેલી સર્જી શકે છે.

અમેરિકા મોટી બજેટ ખાધનો પણ સામનો કરી રહ્યું છે. ટ્રમ્પે અમેરિકનોને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો છે કે તેમની પાસે આશરે ૧.૮ ટ્રિલિયન યુએસ ડોલરની વાર્ષિક બજેટ ખાધને ઘટાડવાની યોજના છે. ભૂતકાળમાં, તેમણે ટેરિફમાંથી થતી આવક, વિદેશીઓ દ્વારા તેમના ગોલ્ડ કાર્ડ વિઝા માટે ચૂકવાતી રકમ, ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી દ્વારા કરવામાં આવતો ખર્ચ કાપ અને ઝડપી આર્થિક વૃદ્ધિ તરફ ઈશારો કર્યો હતો. ગયા અઠવાડિયે, તેમણે જણાવ્યું હતું કે ઉપપ્રમુખ જેડી વેન્સના નેતૃત્વ હેઠળની ફ્રોડ ટાસ્ક ફોર્સ આ જંગી બચતનો માર્ગ ખોલવા માટેની ચાવી સાબિત થશે. ટ્રમ્પે કહ્યું, જો તેઓ ખરેખર ઉત્કૃષ્ટ કામ કરશે, તો આપણે કંઈપણ કર્યા વિના સંતુલિત બજેટ મેળવી શકીશું. ટ્રમ્પ કદાચ નિષ્ફળતાનું ઠીકરું આ ટાસ્ક ફોર્સ પર ફોડી નાખવાની તૈયારી કરતા હોય તે પણ શક્ય છે. જો કે, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ખાધને નોંધપાત્ર રીતે અંકુશમાં લેવા માટેની ટ્રમ્પની વ્યૂહરચનાઓ ધાર્યા પરિણામો આપે તેવી સંભાવના ઓછી છે.બ્રુકિંગ્સ ઇન્સ્ટિટ્યુશનના બજેટ અને ટેક્સ ફેલો જેસિકા રીડલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય દેવાની ચૂકવણીનો ખર્ચ ૨૦૨૧ થી ત્રણ ગણો વધીને વાર્ષિક ૧ ટ્રિલિયન ડોલરથી વધુ થઇ ગયો છે. તેમણે કહ્યું કે પ્રમુખ ટ્રમ્પે એક ટેક્સ કટ બિલ(વેરા કાપ ખરડા) પર હસ્તાક્ષર કર્યા છે જે સંભવતઃ ૧૦ વર્ષની ખાધમાં ૫ ટ્રિલિયન યુએસ ડોલરનો ઉમેરો કરશે - અને ટેરિફ આ ખર્ચનો માત્ર એક નાનો હિસ્સો જ ભરપાઈ કરી રહ્યા છે. વર્તમાન નીતિઓ હેઠળ બજેટ ખાધ એક દાયકાની અંદર વાર્ષિક ૪ ટ્રિલિયન ડોલરને વટાવી જવાની આશંકા છે. સામાજિક સુરક્ષા અને મેડિકેરનો ખર્ચ ટેક્સની આવક કરતાં વધી જતાં આગામી દાયકામાં ખાધ વધુ વધવાની અપેક્ષા છે. ૧૦ વર્ષનો યુએસ ટ્રેઝરી રેટ મે મહિનાની મધ્યમાં ૪.૬૭% જેટલો ઊંચો ગયો હતો અને ઈરાન યુદ્ધવિરામ અંગેની વાટાઘાટો ચાલુ થતાં તેમાં થોડો ઘટાડો થયો ખરો - જેવી રીતે ૨૦૨૫માં ટ્રમ્પના લિબરેશન ડે ટેરિફને કારણે શરૂઆતમાં દરો વધ્યા હતા અને ત્યારબાદ ટ્રમ્પે સૌથી આકરા વધારા પાછા ખેંચી લેતા દરો ઘટવા લાગ્યા હતા.

જોર્જ ડબ્લ્યુ બુશ વહીવટીતંત્ર દરમિયાન વ્હાઇટ હાઉસ કાઉન્સિલ ઓફ ઇકોનોમિક એડવાઇઝર્સના અધ્યક્ષ રહી ચુકેલા ગ્લેન હબાર્ડ ચિંતિત છે કે, ૨૦૦૮ની મંદી અથવા કોરોનાવાયરસ રોગચાળા જેવી આર્થિક કટોકટીનો અસરકારક રીતે સામનો કરવા માટે યુએસ પાસે હવે પહેલા જેવી ઉધાર લેવાની ક્ષમતા બચી નથી. કોલંબિયા યુનિવર્સિટીની બિઝનેસ સ્કૂલના પ્રોફેસર હબાર્ડે જણાવ્યું હતું કે, મને નથી લાગતું કે આપણી પાસે આ સમસ્યાનો સામનો કરવા માટે ૨૦૦૮ કે ૨૦૨૦ જેવો અવકાશ છે. વોશિંગ્ટન પાસે આના ઉકેલ માટે કોઈ વિચારો - સારા કે ખરાબ - હોય તેવું લાગતું નથી. વધતા વ્યાજદરો પ્રતિનિધિ સભા અને સેનેટ પર નિયંત્રણ મેળવવાની રેસમાં ઉતરેલા ડેમોક્રેટિક ઉમેદવારોને હુમલો કરવા માટે વધુ એક મુદ્દો આપી રહ્યા છે, ખાસ કરીને એવા સમયે જ્યારે મતદારો ખોરાક અને ગેસોલિનના ઊંચા ભાવોથી ચિંતિત છે. સતત વધતી ખાધ અને ઊંચા વ્યાજદર સામાન્ય લોકો માટે પણ ઘર ખરીદવા કે તેનું નવીનીકરણ કરવા, નવી કાર ખરીદવા અથવા ક્રેડિટ કાર્ડના દેવાનું સંચાલન કરવાનું વધુ મુશ્કેલ બનાવે છે. એક ડેમોક્રેટ નેતાએ કહ્યું કે વસ્તુઓ પહેલાથી જ મોંઘી છે. આપણે ગેસ વિશે તો વાત કરી જ શકીએ છીએ, પરંતુ ઉધાર લેવાનો ખર્ચ તેને વધુ ખરાબ બનાવે છે. આ સંજોગો અમેરિકાની સંસદ માટેની મધ્યસત્રી ચૂંટણીઓમાં રિપબ્લિકનો માટે કપરી સ્થિતિ સર્જી શકે છે.

શું ગેરકાયદે સ્થળાંતર કરનારાઓ માટે આપણી સરહદો બંધ થઈ રહી છે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

પશ્ચિમ બંગાળમાં રાજકીય પરિવર્તન અને 'રિવર્સ માઈગ્રેશન'નો નવો યુગ

શું દુનિયામાં એવો કોઈ દેશ છે જે પડોશી દેશોનાં લોકોને ઈમિગ્રેશન ચેક (સરહદ તપાસ) વગર પ્રવેશવા દે? જવાબ છે 'ના'. દરેક દેશ એવું માને છે કે મજબૂત સરહદો જ મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. પરંતુ, કમનસીબે ભારતમાં છેલ્લાં 70 વર્ષથી સ્થાનિક ચૂંટણી રાજકારણની મજબૂરીઓને કારણે ગેરકાયદે સ્થળાંતરનો માર્ગ ખુલ્લો રહ્યો છે. આનાથી ભારતની સુરક્ષા, વસ્તીવિષયક સંતુલન (ડેમોગ્રાફી) અને ગરીબ ભારતીય મજૂરોની આજીવિકા પર માઠી અસર પડી છે.

જો કે, છેલ્લા કેટલાક દિવસોમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળ્યા છે. પ્રથમ, પશ્ચિમ બંગાળમાં ભાજપની અભૂતપૂર્વ જીત, જે બાંગ્લા દેશથી થતાં ગેરકાયદે સ્થળાંતરથી ભારે પ્રભાવિત રહ્યું છે.

બીજું, સર્વોચ્ચ અદાલતે પોતાના એક ઐતિહાસિક ચુકાદામાં ચૂંટણી પંચના મતદારયાદી સુધારણા માટે 'સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) કરવાના નિર્ણયને બંધારણીય રીતે માન્ય રાખ્યો છે.

આ બાંગ્લાદેશી નાગરિકો ગેરકાયદે ભારતમાં પ્રવેશ્યાં હતાં અને અહીં નાગરિકોની જેમ આરામથી રહેતાં હતાં. તેમનામાંનાં કેટલાંક દાયકાઓથી અહીં રહ્યાં છે, આજીવિકા કમાઈ રહ્યાં છે અને ઘણા કિસ્સાઓમાં નકલી દસ્તાવેજો બનાવીને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ મેળવી રહ્યાં છે. તેઓ રાજ્યમાં અગાઉની સરકારોની જાણી જોઈને કરવામાં આવેલી ઉપેક્ષાને કારણે સ્થાયી થયાં અને ફાલ્યાં-ફૂલ્યાં. કારણ કે, તે સરકારોને તેમનામાં એક વોટ બેંક દેખાતી હતી.

જો કે, 2026ની વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યમાં રાજકીય સત્તામાં લાંબા સમયથી પ્રતીક્ષિત પરિવર્તન આવતાં હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આ 'રિવર્સ માઈગ્રેશન' (સામે પક્ષે પરત ફરવું) નો સ્કેલ અભૂતપૂર્વ છે. આ નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી દ્વારા રાજ્યના અધિકારીઓને બાંગ્લાદેશી ઘૂસણખોરો વિરુદ્ધ તાત્કાલિક દેશનિકાલની પ્રક્રિયા શરૂ કરવાના અપાયેલા નિર્દેશનું સીધું પરિણામ છે. અગાઉ આવાં દૃશ્યો રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચ (ઈસીઆઈ) દ્વારા હાથ ધરવામાં આવેલી 'સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) પ્રક્રિયા દરમિયાન જોવા મળ્યાં હતાં. એસઆઈઆર દરમિયાન, ચૂંટણી પંચે નકલી અને અમાન્ય મતદારોને દૂર કરીને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે રાજ્યની મતદારયાદીમાં સુધારો કર્યો હતો. આના કારણે ગેરકાયદે બાંગ્લાદેશી સ્થળાંતર કરનારાંઓ, જેઓ અહીં દસ્તાવેજો વિના અથવા નકલી દસ્તાવેજો સાથે રહેતાં હતાં, તેઓ પોતાના વતન ભાગવા લાગ્યાં હતાં. રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના તરત જ બાદ ભાજપને પ્રચંડ વિજય અપાવનાર અધિકારીએ ગેરકાયદે સ્થળાંતર પર સખત સકંજો કસ્યો, જે દાયકાઓથી રાજ્ય માટે પીડાદાયક સમસ્યા બનેલી હતી. મુખ્યમંત્રી તરીકે લીધેલા પોતાના પ્રથમ નિર્ણયોમાંના એકમાં, અધિકારીએ ગેરકાયદે સ્થળાંતરના આ લાંબા સમયથી ચાલતા દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા માટે 'ડિટેક્ટ, ડિલીટ અને ડિપોર્ટ' (શોધો, નામ હટાવો અને દેશનિકાલ કરો)ની નીતિની જાહેરાત કરી. અધિકારીના નિર્દેશ મુજબ, આ સપ્તાહે જિલ્લા સત્તાવાળાઓ દ્વારા દેશનિકાલ પહેલાં ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓ માટે 'હોલ્ડિંગ સેન્ટર્સ' (અસ્થાયી કેન્દ્રો) શરૂ કરીને આ નીતિનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

ગેરકાયદે સ્થળાંતર સામે પોતાની સરકારની 'ઝીરો-ટોલરન્સ' (બિલકુલ સાંખી ન લેવાની) નીતિનો પુનરોચ્ચાર કરતાં અધિકારીએ પશ્ચિમ બંગાળમાં રહેતાં ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓને શક્ય તેટલી વહેલી તકે છોડીને ચાલ્યા જવા કહ્યું છે અને કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. છેલ્લા કેટલાક દાયકાઓથી રાજ્યમાં ગેરકાયદે સ્થળાંતર કોમી તણાવ, સંસાધનોની ફાળવણીની ચર્ચાઓ અને રાષ્ટ્રીય સુરક્ષાની ચર્ચાઓ સાથે જોડાયેલું રહ્યું છે અને ચૂંટણી રાજકારણમાં પણ એક પ્રભાવશાળી પરિબળ રહ્યું છે. સાચું કહું તો, આ સમસ્યા માત્ર પશ્ચિમ બંગાળ પૂરતી સીમિત નથી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં આપણી સુરક્ષા એજન્સીઓએ ગેરકાયદે સ્થળાંતર કરનારાઓ હ્યુમન ટ્રાફિકિંગ (માનવ તસ્કરી) નેટવર્ક, પશુ તસ્કરી, ગુનાહિત સિન્ડિકેટ્સ અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં પણ સામેલ હોવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. પશ્ચિમ બંગાળમાં બેરોકટોક ગેરકાયદે સ્થળાંતરે સરહદી જિલ્લાઓમાં વસતીવિષયક ચિત્ર બદલી નાખ્યું છે, જાહેર આંતરમાળખા પર ભાર વધાર્યો છે અને આંતરિક સુરક્ષાને નબળી પાડી છે. જો કે, અગાઉની મમતા બેનરજી સરકારની રાજકીય ઈચ્છાશક્તિના અભાવે રાજ્યની એજન્સીઓ આ સમસ્યાનો અસરકારક સામનો કરી શકી ન હતી.

જેમ જેમ બંગાળ સરકારની ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓને શોધવાની અને દેશનિકાલ કરવાની નીતિ વેગ પકડી રહી છે તેમ તેમ બે મુખ્ય પ્રશ્નો વારંવાર સામે આવે છે. ભારતમાં ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓ પાસે કયા અધિકારો છે? અને રાજ્ય અથવા કેન્દ્ર સરકારે કાયદાનો અમલ કેવી રીતે કરવો જોઈએ જે મક્કમ હોવાની સાથે ન્યાયી અને માનવીય પણ હોય?

ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ, 2025 સ્થળાંતર કરનારાંઓ અને મુલાકાતીઓ પ્રત્યે દેશની નીતિને કાયદાકીય સ્વરૂપ આપે છે. તે સ્પષ્ટપણે એક એવી કાયદાકીય વ્યવસ્થા સ્થાપિત કરે છે કે જેના હેઠળ કાયદાનું ઉલ્લંઘન કરનારાં આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનું સાબિત કરવાનું રહે છે. ભૂતકાળમાં અદાલતોએ ચુકાદો આપ્યો છે કે, ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓ પાસે ભારતીય બંધારણની કલમ 21 હેઠળ માત્ર જીવન જીવવાનો અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર છે. આ ઉપરાંત, ડિસેમ્બર 2025માં ભારતીય સર્વોચ્ચ અદાલતે એક ઐતિહાસિક ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે, યોગ્ય દસ્તાવેજો વિનાના સ્થળાંતર કરનારાંઓ ભારતીય નાગરિકોને મળતા અન્ય કોઈ અધિકારો માટે પાત્ર નથી.

તે દર્શાવે છે કે અધિકારી કાયદાકીય રીતે સાચા છેઃ સરકાર તેમને હોલ્ડિંગ સેન્ટરોમાં રાખતાં પહેલાં અથવા દેશનિકાલ કરતાં પહેલાં કોર્ટમાં લઈ જવા માટે બંધાયેલી નથી.પરંતુ સાવચેતીની પણ જરૂર છે. આવા સંવેદનશીલ મુદ્દા માટે વહીવટી દેખરેખની સાથે ન્યાયિક દેખરેખ પણ ઈચ્છનીય છે. આવી સંસ્થાકીય દેખરેખ સાથે જે બાબત હોવી જોઈએ તે છે - દેશનિકાલ કરવામાં આવી રહેલાં ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓ પ્રત્યે માનવીય અભિગમ. તેમની સાથે સન્માનપૂર્વક વર્તવું જોઈએ અને તેમના બંધારણીય સંરક્ષણનું ઉલ્લંઘન ન થાય તે માટે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ.

ગેરકાયદે સ્થળાંતર માત્ર ભારત પૂરતું સીમિત નથી. આ એક વૈશ્વિક સમસ્યા છે જે આર્થિક, સામાજિક અને આબોહવા સંબંધિત પડકારોને કારણે વધુ વણસી શકે છે. આ સમસ્યાના કોઈ સરળ જવાબો નથી, પરંતુ મોટા ભાગની લોકશાહીઓ જેમને દેશનિકાલ કરવાની યોજના ધરાવે છે તેમને પોતાનો બચાવ કરવાની તક આપે છે. અમેરિકા કે યુરોપમાં આ અધિકાર ચેક અને બેલેન્સ (નિયંત્રણ અને સંતુલન) સુનિશ્ચિત કરે છે, પછી ભલે તે સમયનો રાજકીય માહોલ ગમે તે હોય.

ભારતે તપાસવું જોઈએ કે તેનો અભિગમ સમયની કસોટી પર ખરો ઊતરી શકે તેમ છે કે નહીં. ન્યાય થવો જોઈએ અને તે થતો દેખાવો પણ જોઈએ. તે જ પશ્ચિમ બંગાળ સરકારની નીતિને કાયમી અને સફળ બનાવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઉપર ઊડવા માટે

કાયના વિદેશ ભણવા જવાની તૈયારી કરી રહી હતી,પેકિંગ ચાલુ હતું અને મમ્મી, દાદી અને કાકી કાયનાને ગમતી બધી વસ્તુઓ, તેને ભાવતી બધી વસ્તુઓ યાદ કરી કરીને લિસ્ટ બનાવી ભેગી કરી રહ્યાં હતાં.



પપ્પા કહી કહીને થાક્યા કે હવાઈ જહાજમાં અમુક કિલો જ સમાન લઇ જઈ શકાશે. તમે લોકો આટલું બધું ભેગું ન કરો. કાયનાનો સામાન પેક થઈ ગયો અને સાથે લઇ જઈ શકાય તેના કરતાં ઘણું વજન વધારે હતું.પપ્પાએ કાયનાને કહ્યું, ''બેટા હવે તું જ નક્કી કર, તારે સાથે શું લઇ જવું વધુ મહત્ત્વનું છે અને શું ઓછું મહત્ત્વનું...''

કાયનાએ ફરી પોતાની બધી બેગ ખોલી અને જરૂરિયાત અને મહત્ત્વ પ્રમાણે જરૂરી સમાન ગોઠવ્યો, જરૂરી કાગળિયાં, ભણવાની બુક્સ બધું પહેલાં મુકાયું ,પછી કાયનાનાં ગરમ કપડાં,કાયનાનાં નવાં કપડાં, પછી નાસ્તો, અથાણાં વગેરે અને ઘણો સમાન ઓછો કરવામાં આવ્યો.

બધું ફરીથી પેકિંગ કરી બધાં થાક્યાં ત્યારે દાદાએ બધા માટે આઈસ્ક્રીમ મંગાવ્યો અને આઈસ્ક્રીમ ખાતાં ખાતાં સરસ વાત સમજાવી. દાદાએ કહ્યું, ''જો તમે ઓટો રિક્ષામાં જાવ કે ટેક્સીમાં જાવ ત્યારે તમને કોઈ પૂછતું નથી કે તમારી પાસે કેટલા કિલો સામાન છે. ટ્રેનમાં જાવ ત્યારે પણ કોઈ તમારા બધા સામાનનું વજન નથી કરતું પણ જયારે વિમાનની મુસાફરી હોય ત્યારે તમારા સામાનનું વજન કરવામાં આવે છે. અમુક કિલો જ સામાન લઇ જઈ શકાય છે. બરાબર આવું કેમ?''

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બધા બોલ્યા, ''દાદા આવો નિયમ છે...'' દાદાએ કહ્યું , ''બરાબર અને આ નિયમનું પાલન કરવા આપણે એકદમ વધુ જરૂરી વસ્તુઓ જ સાથે લઇ જઈએ છીએ અને ઓછી જરૂરી વસ્તુઓ સાથે લઇ જતા નથી. જમીનથી ઉપર ઊઠીને ઊડવા માટે બિનજરૂરી અને બેકાર વસ્તુઓને અહીં છોડવી પડે છે અને આ જ નિયમ જીવનમાં પણ સફળ થવા અપનાવવો જોઈએ.''

બધાએ પૂછ્યું, ''દાદા, વિમાનમાં સામાન લઇ જવાનો નિયમ જીવનમાં શું કામ અપનાવવો જોઈએ.''

દાદાજીએ કહ્યું, ''જીવનમાં ઉપર ઊઠવાનો અને સફળતાના ગગનમાં ઊડવા માટે આ જ નિયમ કામમાં આવવાનો છે. જીવનમાં આપણે એટલો બધો જરૂરી સામાન મન અને મગજમાં ભરી રાખીએ છીએ, પીડાદાયક જૂના અનુભવો ,દુઃખ આપતી યાદો , લોકોની વાતો ,ખરાબ આદતો, નકામા સંબંધો વગેરે ઘણા બોજને સાથે લઈને જીવનમાં આગળ સફળતા અને ખુશીના આસમાનમાં ઊડવું શક્ય નથી. એટલે જરૂરી છે કે જીવનમાં દરેક બિનજરૂરી અને નકામી યાદો, વસ્તુઓ, સંબંધો અને અનુભવોને નીચે છોડી દેવા અને હળવા થઈને મુક્ત ગગનમાં ઊડવું.'' દાદાજીએ સુંદર સમજ આપી.

લોકશાહી ઘડતરથી સરકતું મીડિયા

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

જનમત, લોકમત, એકિઝટ પોલ તેવાં ફેન્સી નામથી મીડિયા માસ ઓપીનિયન તૈયાર કરવા પ્રયત્નશીલ રહે છે, પરંતુ દેશનો આમ નાગરિક મીડિયાના અભિપ્રાયથી પોતાને અળગો રાખી રહ્યો છે

ઈરાન અને ઈઝરાઈલ યુદ્ધની પ્રારંભિક શક્યતા દેખાતાં શેર બજારમાં કડાકો બોલી ગયો. વર્ષ ૨૦૨૪ના લોકસભા ઈલેક્શનમાં બી.જે.પી.ની સીટો ઘટવાની સંભાવના બજારમાં સચોટ રહી, પરંતુ જમ્મુ કાશ્મીર કે હરિયાણા રાજયનાં ચૂંટણી પરિણામો મીડિયાનો એક્ઝીટ પોલ અગાઉના ચૂંટણી પોલ માફક સદંતર ધૂળ-ધાણી થયો.

અહીં પ્રશ્ન છે કે બજારની ગણતરી સામે મીડિયાની ભૂમિકા હવામાનના વરતારા માફક શા માટે નબળી પુરવાર થાય છે! મીડિયામાં બેઠેલા શિક્ષિત અને અભ્યાસુ મહાનુભાવોને રાજકીય પક્ષોનાં ૮-૧૨ ધોરણ પાસ અને ક્યારેક જેલવાસ ભોગવી ચૂકેલા નેતાઓ સલાહ આપતા હોય છે કે "એરકંડિશનલ સ્ટુડિયો અને બિસ્લેરીની બોટલથી પંડિત થવાય, રાજનેતા નહીં. બજારની સફળતા અને મીડિયાની નિષ્ફળતાના વલણથી હવે લોકશાહીના ઘડતરનું કાર્ય મીડિયા પાસેથી સરકી રહ્યાની ગંભીર નોંધ લેવી પડે તેવો સમય આવી પહોંચ્યો છે.

વર્ચ્યુઅલ સાયકોલોજીમાં વિકસતી નવી પેઢી તો સ્માર્ટ ફોન ઉપર છાપાં સામયિક ફેરવી કાઢે છે. વોટસએપ, ટવીટર, ફેઈસબુકના અતિરેકથી કેટકેટલીય સંવેદનશીલ બાબતો અદેખી રહી જાય છે અને કોવિડ પછી તો પ્રિન્ટ મીડિયા ઉપર શનિની સાડાસાતી મંડાઈ છે, આમ છતાં જે બચ્યું છે તેના આધારે બંધારણીય મૂલ્યોની જાળવણીનું કાર્ય પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાથી થાય તે અનિવાર્ય અપેક્ષા બને છે. જો જીતા વો હી સિકંદર- તેવા પ્રચલિત અભિગમને લીધે રાજકીય પક્ષો હવે કોઈ પણ સ્તરની તડજોડથી સત્તામાં રહેવાનું ગોઠવી રહ્યાનું વલણ સહજ થયું છે અને આ માટે પક્ષો પોતાના ઉદ્યોગ જૂથોના ટેકે વર્તમાનપત્રો અને ટી.વી. ચેનલો ખરીદ કરેલ છે, પોતાની પાર્ટીને અનુરૂપ અભિપ્રાય પ્રજામત તરીકે પ્રતિપાદિત કરવા ઉત્સાહી રહે છે.

જનમત, લોકમત, એક્ઝિટ પોલ તેવાં ફેન્સી નામથી મીડિયા માસ ઓપીનિયન તૈયાર કરવા પ્રયત્નશીલ રહે છે, પરંતુ દેશનો આમ નાગરિક મીડિયાના અભિપ્રાયથી પોતાને અળગો રાખી રહ્યો છે. પરિણામે જનમત વિશે ધારણાઓ લગભગ હવામાં ઊડી જતી જોવા મળે છે.

જમીની હકીકતો તો આવી જ કંઈક છે પણ તેથી ફરી બંધારણનાં મૂલ્યો ઉપર તો ફરી બજાર (સ્વાર્થવાદ) ની પકડ મજબૂત થઈ રહી છે! અર્થશાસ્ત્ર જેને ગૃપ ઓફ કૉમન ઈન્ટરેસ્ટ' તરીકે જાણે છે તે વલણ અનુસાર સમાજસેવા, રાષ્ટ્રસેવા કે પછી વિકાસના ઓઠા તળે સમાન હિત જૂથ ધરાવતાં સ્વાર્થી લોકોને એકઠાં થવા આજે મોકળું મેદાન મળી રહ્યું છે.

પરિણામે ત્રણ શિયાળા વીત્યા છતાં યુક્રેન અને રશિયાનાં ગામડાંઓ અને શહેરોમાં સામાન્ય જનતા ઠુંઠવાઈને મરી રહી છે. ઈઝરાઈલ અને ગાઝાપટ્ટી ઉપર છેલ્લા એક વર્ષમાં લાખો બાળકો અને સ્ત્રીઓ કાટમાળમાં દટાઈ મુવાં છે. અમેરિકા તકનીકી બળના આધારે તેલ ઉત્પાદક રાષ્ટ્રો ઉપર જોહુકમી આચરી રહ્યું છે.

આપણા દેશમાં મણિપુરમાં હજારો કુકીઝ (જાતિ) સમુદાયની વસાહતો બળીને ખાખ થઈ છે. આપણા ગામના સીમાડે રેલ દુર્ઘટના કે પછી ભ્રષ્ટાચારની બાંગ પોકારતા ખરાબ રસ્તાઓમાં અકસ્માતથી મૃત્યુ પામેલાં કે અપાહિજ બનેલાં નાગરિકોની સંખ્યા હજારોમાં જાય છે. તેમ છતાં કોઈ સામુહિક અવાજ બનીને બહાર આવી રહ્યું નથી. આંતરરાષ્ટ્રીય સીમાડાઓથી લઈ ઘર આંગણા સુધી માનવતાના મૃત્યુ ઘંટ સમાન અસંખ્ય ઘટનાઓ પાછળ કોઈ એક ખામી હોય તો 'રાજય શાસકો ઉપર સત્ત્વશીલ દબાણ જૂથનો અભાવ છે.

વર્ષ ૧૭૮૦ એટલે કે આજથી ૨૪૪ વર્ષ પહેલાં ભારતમાં બંગાળ ગેજેટસ નામે અઠવાડિક શરૂ થયું. ૬૦ વર્ષ પહેલાં દૂરદર્શનથી સમાચાર પ્રસારણનો ઈતિહાસ અત્યંત સશક્ત છે. રાજા રામમોહનરાય, લોકમાન્ય ટીલકથી લઈ ગુજરાતમાં કાકા કાલેલકર સુધી પત્રકારત્વનો વારસો મજબૂતાઈથી ઊભો છે. વર્ષ ૧૮૨૨થી આજ દિન સુધી કાર્યરત 'મુંબઈ સમાચાર' ગુજરાતી ભાષાનો મિજાજ વ્યકત કરે છે. એટલું જ નહીં પણ સ્વતંત્રતા પૂર્વે ૧૮૯૦માં ત્રાવણકોર દિવાનની જોહુકમી હોય કે ૧૯૪૨માં પત્રકાર તરીકે મહાત્મા ગાંધીની હાકલ હોય, પત્રકારોએ ઈમરજન્સી, ભોપાલ દુર્ઘટના કે પછી ગોધરા હત્યાકાંડમાં નિર્ણયાત્મક ભૂમિકા ભજવી દેશના બંધારણનું સન્માન જાળવ્યું છે.

ત્યારે વિચારીએ કે મૂડીનું રોકાણ કરી રાજકીય પક્ષોની છત્રછાયામાં ગોઠવાતા પ્રજાનાં પ્રતિનિધિઓ અને બંધારણીય રીતે જે સરકાર છે તેવા અમલદારોનાં સ્વાર્થી હિતોમાંથી સર્જાતા પારાવાર પ્રશ્નોમાં પ્રજા અટવાઈ રહી છે. માનવીય મૂલ્યોનાં સામુહિક ધ્વંસ અને ભ્રષ્ટ વાતાવરણ વચ્ચે માત્ર અને માત્ર મીડિયા દબાણ જૂથ તરીકે સામનો કરી શકે તેવી તાકાત ધરાવે છે. ભવ્ય ભૂતકાળ ધરાવે છે. લોકશાહીમાં તો પ્રજા પાંચ વર્ષે એક વાર મત દ્વારા પોતાની વાત મૂકવા હકદાર છે. પરંતુ આજે સ્વાર્થી શાસકો પ્રજાને જ્ઞાતિ, જાતિ અને રેવડીની લાલચ આપી કલ્યાણની દિશા તરફ જતાં રોકી રહી છે ત્યારે બંધારણીય રાષ્ટ્રહિતનું રક્ષણ તો મીડિયાના દબાણથી જ શક્ય બનતું દેખાય છે.

લોકશાહીના ચોથા આધારસ્તંભ સમાન પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કોમન એજંડા તરીકે બંધારણીય હિતોનું રક્ષણ કરવા આગળ આવે તે સમયની માંગ બને છે અને પ્રજા તરીકે વાચક પણ બંધારણીય અહિતથી પોતાની જાતને અળગી ન રાખવી તેને પોતાની ફરજ જાણે તેવો સમયનો તકાજો ઉદ્ભવ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સિંહની ભ્રાંતિ કે સત્ય?

કડોદ ગામના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં તાજેતરમાં ''સિંહ'' નિહાળવાની ઘટના જાણવા મળી! સિંહ ભારતનું ગૌરવ છે. વિશ્વમાં સિંહ ફક્ત બે સ્થળે વસવાટ કરે છે. ગિર અને આફ્રિકા. પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે શું સાચે જ સિંહ હશે? ગિરનું જંગલ જૂનાગઢ જિલ્લાને સંલગ્ન છે. તો શું સિંહ આટલું અંતર ખેડીને કડોદના ગ્રામ્ય વિસ્તારમાં આવ્યો હશે? આફ્રિકાથી દરિયો ખેડીને આવવાની શક્યતા તો બિલકુલ ન હોઈ શકે! વનવિભાગે ગ્રામ્યજનોને ચેતતા રહેવાની સૂચના પણ આપી છે અને પાંજરાની વ્યવસ્થા પણ કરી છે. ગિરના જંગલમાંથી ધારો કે આવ્યો હોય તો વચ્ચેના કોઈ ગ્રામ્ય વિસ્તાર કે ધોરી માર્ગ કે જંગલમાં કોઈને ન દેખાયો હોય? શું સાચે જ સિંહ હશે કે અન્ય પ્રાણી હોય અને જોનારને દૃષ્ટિભ્રમ થયો હોય! આટલું લાંબુ અંતર સિંહ કાપી શકે? એ યક્ષપ્રશ્ન છે. સામાન્ય રીતે એ પરિવાર સહિત વસવાટ કરે છે.

સુરત -નેહા શાહ

પવન વેગે દોડતું નકલી સાહિત્ય એટલે અફવા

ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે.તે પહેલાં શિક્ષણ સંઘ સરકારને રજૂઆત કરી હતી. ગરમીને ધ્યાને રાખીને ઉનાળુ વેકેશન લંબાવવાની વાત કરી હતી. તે પછી કોઈ ચોક્કસ પરિપત્ર કે સરકારે નોટિફિકેશન કર્યું ન હતું. કોણે સમાચાર બનાવી કાઢ્યા, જેનું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને ઉપજાવેલી વાત દિવસે ને દિવસે મીડિયામાં વધુ ચમકતી રહી છે. ખરેખર શાળાનું વેકેશન લંબાયું નથી.અફવા ફેલાવનારાં તત્ત્વો આવાં ઘણાં હોય છે.જે વાતને સરકારે પણ નકારી કાઢવી જોઈએ અને દરેક વાલી મિત્રોએ બાળકના શિક્ષણકાર્ય પર ધ્યાન દોરવું જોઈએ. જેથી વાલીઓ યોગ્ય સમયે શારીરિક અને માનસિક રીતે તૈયારી રાખવી જોઈએ. વેકેશન લંબાવવાની વાતમાં દોરવાઈ ન જાય, ચર્ચાપત્રથી એક નાનકડો સંતોષ અને સંદેશ યોગ્ય મળી શકે તે આશયથી શિક્ષણપ્રેમી સર્વ નાગરિકોને શાળા સંકુલમાં જવાની હાર્દિક શુભેચ્છા છે.આઠ તારીખે જ શાળા રાબેતા મુજબ શરૂ થાય છે. સૌ બાળક દેશનું ભવિષ્ય અને રાષ્ટ્રનિર્માણકર્તા છે.

સુરત -હરીશકુમાર ચૌધરી

ઉધાર એટલે મહોબ્બતની કાતર

સ્વાર્થ આંધળો છે, એને ફક્ત મતલબ દેખાય. કામ પૂરું થાય કે માણસ ભૂલી જાય. જે આજે હાથ જોડે છે, કાલે એ જ હાથ ફેરવી જાય. સ્વાર્થનો તેલનો દીવો થોડી વાર જ બળે,ઉધાર એ મહોબ્બતની કાતર છે, ભૂલમાં ઉધાર આપ્યું કે બે વસ્તુ જાય - પૈસા અને સંબંધ! પૈસા માગો તો મિત્રતા બગડે, ન માગો તો પૈસા જાય. ઉધારથી વિશ્વાસનો કતલ થાય છે! ખેર, મિત્રતા ગુમાવવી પોષાય નહીં! 5000 રૂપિયા માટે 20 વર્ષની ઓળખ તોડવી એ મોટી મૂર્ખાઈ! ઉધારથી શરૂઆત થાય, ઝગડાથી વચ્ચે અટકે અને કાયમી શત્રુતાથી પૂરું થાય! આ બોજ જીવનભર માથે રહે! અલબત્ત, વિશ્વાસઘાતનું પ્રમાણપત્ર એક વાર મળી ગયું કે પૂરું. લોકોનો ભરોસો તૂટે, દરવાજા બંધ થાય. પૈસા પાછા આવે કે ન આવે,કિન્તુ, ઈજ્જત પાછી ન આવે, એ વાસ્તે પણ સંબંધ બચાવવો હોય તો ઉધાર ટાળો. પૈસા આપવા હોય તો ભેટ આપો, હિસાબ ન કરો. કેમ કે, ખાલી ખિસ્સું ભરી શકાય, પરંતુ તૂટેલું દિલ નહીં ભરાય સાહેબ!

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

ફેમિલી ફિઝિશ્યન

ફેમિલી ફીઝીશ્યન પહેલવહેલી કોન્ફરન્સ 1972ની 1લી ઓક્ટોબરે મેલ્બોર્નમાં મળી હતી. ત્યાર બાદ 19મી કોન્ફરન્સ 19મી મેના રોજ કેન્કુન (મેકિસકો)માં મળી હતી. તે દિવસથી વોન્હા (WONCA) તરફથી 19મી મેનો દિવસ '' ફેમિલી ડોકટર્સ ડે '' તરીકે CELEBRATE થાય છે. ફેમિલી ડોક્ટર એ પ્રાઈમરી હેલ્થકેર સીસ્ટીમના બેકબોન (કરોડરજ્જુ) સમાન છે. ફેમિલી ડોક્ટર ફેમિલીના દરેક સભ્યના સ્વાસ્થ્યના ઈતિહાસથી વાકેફ હોવાથી રોગનું નિદાન જલદીથી કરી શકે છે. તે દર્દીના ફીઝીકલ, ઈમોશનલ અને સોશ્યલ વેલ - બીંઈંગનું ધ્યાન રાખે છે. રોગ અટકાવવા શું ધ્યાન રાખવું તે માટે યોગ્ય સલાહ સૂચન કરે છે. સ્વાસ્થ્ય જાળવવા કયા કયા નીતિ નિયમો નું પાલન કરવું તે પણ સમજાવે છે. રોગ થતો અટકાવવા માટે જરૂરી વેકસીન પણ આપે છે. યોગ્ય નિદાન કરવા માટે જરૂરી જેટલા જ ટેસ્ટ કરાવે છે. ફેમિલીના કયા સભ્યને કઈ દવા માફક આવતી નથી, કઈ દવાથી એલર્જી થાય છે તથા દર્દીને દવાનો કેટલો ડોઝ માફક આવશે તેની સંપૂર્ણ માહિતી ડોક્ટર પાસે હોય છે. જરૂર પડે તો કયા ડોકટરને કન્સલ્ટ કરવું તે પણ સૂચવે છે. જરૂર પડે તો ક્યારે હોસ્પિટલમાં દાખલ કરવું તે અંગે પણ માર્ગદર્શન આપે છે. ફેમિલીમાં શારીરિક સિવાય જો અન્ય કોઈ તકલીફ આવી પડે તો તે સુલજાવવામાં પણ મદદરૂપ થાય છે. ડોક્ટર ફેમિલીના દરેક સુખદુ:ખમાં ભાગ લે છે. દરેક ફેમિલીમાં એક ડોકટર જરૂરી નથી. પણ દરેક ફેમિલીનો એક ફેમિલી ડોકટર હોવો જરૂરી છે.

સુરત -ડો. કિરીટ એમ. ડુમસિયા

જીવન ચમત્કારથી નહીં પ્રયત્નો કરવાથી સુધરે

આજે જયારે આપણે એકવીસમી સદીમાં જીવી રહ્યાં છીએ ત્યારે એ માનવું રહ્યું કે માણસના જીવનને સુખી કરવા ચમત્કાર નહિ પરંતુ મહેનત અને પ્રયત્નો કરવા જરૂરી છે. છતાં લોકો જ્યારે કોઇ જગ્યાએ કોઇ જ્ઞાની, સંત કે બાબા પધાર્યા હોય ત્યારે તેમની પાસે જઇને તે બાબા કોઇ ચમત્કારથી જીવનમાં સુખ લાવી આપે તેવી આશા સાથે જતા હોય છે. વિદ્યાર્થીઓ દસમા કે બારમા ધોરણમાં સારા ટકા લાવવા બાબાના આશીર્વાદ લેવા જતા હોય છે. કેટલાંક લોકો પુત્રપ્રાપ્તિના આશીર્વાદ લેવા જાય છે તો કેટલાંક લગ્નજીવન સારી રીતે ચાલે તેના માટે આશીર્વાદ લેવા જતાં હોય છે. આ બધું કોઇ પણ સંત, મહાત્મા કે બાબા કરી શકતા નથી.કથાકારો કથા કરીને તેમને જે દાન મળે છે તે દાન ગરીબોની સેવા માટે કરે છે. જો તેઓ ચમત્કાર કરી શકતા હોત તો કથા કર્યા વગર ચમત્કારથી પૈસા બનાવી લોકોની સેવા કરતા હોત. પરંતુ તેમ બનતું નથી. સાધુ સંતો પાસે એવી કોઇ શકિત હોતી નથી કે ચમત્કાર કરીને બીજાનું જીવન સુધારી શકે.જ્યારે કોઈ સ્થળે મહાન સંત મહાત્મા આવે ત્યારે તેમના દર્શને જરૂર જવું,તેમની વાણી જરૂર સાંભળવી. પરંતુ તેમના પગે પડીને તેમને ચમત્કાર કરવા આજીજી ન કરવી.તેમના જ્ઞાન દ્વારા જીવન સુધરી શકે છે, પરંતુ વ્યકિતએ પોતાનું જીવન સુધારવા જાતે જ યોગ્ય મહેનત કરવી પડે છે.

સુરત -પ્રવીણ પરમાર

સાઈકલ ચલાવો, પૃથ્વી બચાવો

પ્રાસંગિક...... વિશ્વ સાયકલ દિવસના પરિપ્રેક્ષ્યમાં

યુનાઈટેડ નેશન્સ દ્વારા ત્રીજી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય સાયકલ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. સાયકલ ચલાવવાના લાભોથી લોકોને જાગૃત કરવા માટે આંતરરાષ્ટ્રીય સાયકલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સાયકલ ચલાવવી એ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તથા પર્યાવરણ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. સાયકલ ચલાવવી એ એક શ્રેષ્ઠ એક્સરસાઇઝ છે.

હૃદયરોગ તથા અન્ય અનેક પ્રકારના રોગોનું પ્રમાણ વધતું જાય છે. તેથી બીમારીથી બચવા માટે અને રોગો સામે રક્ષણ મેળવવા માટે સાયકલનો ઉપયોગ કરવો જોઈએ. એક સમય એવો પણ હતો કે જેમની પાસે સાયકલ હોય એ વ્યક્તિ સંપત્તિવાન ગણાતી હતી. એ એક સારી નિશાની છે કે હવે લોકો હેલ્થ કોન્સીયસ બનતાં સાયકલના ઉપયોગ તરફ વળી રહ્યા છે. નિયમિત સાઈકલ ચલાવીને મેદસ્વિતાને ભગાવી શકાય છે. આજના વિશ્વ સાયકલ દિવસે ચાલો આપણે જાતે સાયકલ ચલાવવાનો સંકલ્પ કરીએ તથા બીજાઓને સાયકલ ચલાવવા માટે પ્રેરણા પણ આપીએ. સાયકલનો ઉપયોગ કરીને પ્રદૂષણથી પર્યાવરણને બચાવવામાં

યત્કિંચિત ફાળો આપીએ. આજના વિશ્વ સાઈકલ દિવસે આપણી આસપાસના વાતાવરણને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે જીવનમાં સાયકલનો ઉપયોગ વધારવાનો દૃઢપણે સંકલ્પ લઈએ.

નવસારી - ડૉ. જે. એમ. નાયક